Publication: Janmabhoomi
Date: 23/7/2019
Page: 4
Column: 3-4

જન્મભૂમિ મુંબઈ, મંગળવાર, તા. ૨૩-૭-૨૦૧૯

# કાંદિવલીમાં હવે ગ્રાહકોને લાઈટનું બિલ ભરવા લાઈનમાં ઊભા ન રહેવું પડે



કાંદિવલીના વીજ વપરાશકારોને હવે તેમનાં બિલ ભરવા કતારમાં ઊભા રહેવું નહીં પડે. અદાણી ઈલેક્ટ્રિસિટી મુંબઈ લિમિટેડ દ્વારા સોમવારે ત્યાં નવું સરળ જિનીયસ બિલ પે કિંયોસ્ક શરૂ કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્‌ઘાટન રાજ્યના પ્રધાન યોગેશ સાગરના હસ્તે કરવામાં આવ્યું હતું. તેમની સાથે સ્થાનિક નગરસેવિકાઓ પ્રતિભા ગીરકર, પ્રિયંકા મોરે અને અદાણી ઈલેક્ટ્રિસિટીનાં સેન્ટ્રલ ડિવિઝનના બિઝનેસ હેડ કરમન કરકરિયા ઉપસ્થિત રહ્યાં હતાં